# હવે, ગણતરીના કલાકોમાં ચૂંટણીનું જાહેરનામુ

**મહાનગરનો મહાસંગ્રામ**
**- સંજય દૃષ્ટિ**

હવે ગણતરીના કલાકોમાં ચૂંટણીનું જાહેરનામુ બહાર પડશે. આચારસંહિતા આરંભાશે અને ચૂંટણી પ્રક્રિયા ૨૮મી માર્ચથી આરંભાય એમ મનાય છે. ઉમેદવારીપત્રો ભરવા માટે દોડધામ થશે, પરંતુ એ પૂર્વે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા ગતિ પકડશે. બન્ને પક્ષોના નિરીક્ષકો-પરીક્ષકો રાત દિવસ કાર્યકરોને સાંભળશે. એમના અહેવાલો મોકલશે અને મોવડીમંડળ યાદી પર મંજુરીની મહોર લાગશે. આમ તો દરેક ચૂંટણીમાં ક્રમ આવો જ હોય છે અને અહીંયા પણ આવોજ થશે. ચૂંટણીની જાહેરાતની સાથે તંત્ર દોડતુ થઈ જશે. આચારસંહિતાના અમલ માટે બેનરો હોર્ડીંગો હટાવાશે. સરકારી ગાડીઓનો ઉપયોગ બંધ કરાશે. કચેરીઓમાં યોજાતી રાજકીય બેઠકો પર બ્રેક લાગશે અને આચારસંહિતાના નામે બધા એકબીજાને બીવડાવશે.

બત્રીસ બેઠકો માટે ચૂંટણી યોજાશે શહેરના જુદા જુદા વિસ્તારોને આઠ વોર્ડમાં વિભાજીત કરાયા છે. પ્રત્યેક વોર્ડમાં બે મહિલા ઉમેદવારો અને બે પુરૂષ ઉમેદવારો રહેશે. ૧૬ મહિલા ઉમેદવારોમાં ૧૨ બિનઅનામત વર્ગમાંથી મહિલાઓ ઉમેદવારી કરી શકશે. જ્યારે ૨ અનુસૂચિત જાતિ, ૧ અનુસૂચિત આદિજાતિ અને ૧ પછાત વર્ગમાંથી મહિલા ઉમેદવારી નોંધાશે. ૮ વોર્ડમાં ૧૦ બિન અનામત વર્ગોમાંથી પુરૂષોની બેઠકો ફાળવાઈ છે. જ્યારે ૩ અનુસૂચિત જાતી, ૧ અનુસૂચિત આદિજાતિ અને ૨ પછાત વર્ગમાંથી બેઠકની ફાળવમી થઈ છે. આમ જોઈએ તો કુલ આમ જોઈએ તો કુલ ૩૨ બેઠકોમાંથી ૨૨ બિનઅનામત અને ૧૦ અનામત બેઠકો રહેશે. જેમાં ૩ અનુસૂચિત જાતિ પુરૂષ માટે અને ૨ અનુસૂચિત જાતિ મહિલા માટે જ્યારે ૨ પછાતવર્ગ પુરૂષ માટે અને ૧ પછાત વર્ગ મહિલા માટે તથા ૧ પુરૂષ, ૧ મહિલા અનુસૂચિત આદિજાતિ માટે અનામત રખાઈ છે. આમ ઉમેદવારોની પસંદગીમાં અનામત બિનઅનામત બેઠકોના સમીકરણમાં મહત્વની ભૂમિકા ભજવે છે. સીમાંકનના નવા ફેરફારોથી ચારેક વોર્ડમાં અનામત બેઠકોમાં ફેરફાર થયો છે. અને ફેરફારના કારણે સીટીંગ કોર્પોરેટરો મુશ્કેલીમાં મુકાયા છે. ખાસ કરીને વોર્ડ નં. ૩, વોર્ડ નં. ૪, વોર્ડ નં. ૫માં તથા વોર્ડ નં. ૮માં સમીકરણો સાવ બદલાઈ રહ્યા છે. એક જ વોર્ડના ૨ સીટીંગ કોર્પોરેટરમાં ૧ બેઠક અનામત થઈ જતાં કોને પડતા મુકવા અને કોને ક્યાં ખસેડવા ભાજપ અને કોંગ્રેસ માટે માથાનો દુઃખાવો બન્યો છે. હશે કોઈ ગણતરી જ હશે... કોની કેવી ગણતરી હશે એ આગામી અઠવાડીયે ભેદ ખુલી જશે. અત્યારે તો જીતતા ઉમેદવારની શોધ ચાલી રહી છે. કોઈ સામાજીક સંગઠનોમાંથી તો કોઈ સ્વૈચ્છિક સંસ્થાઓમાંથી અસરકારક ઉમેદવારો શોધવા બન્ને પક્ષનું નેતૃત્વ સતત સક્રિય રહે છે.

દાવેદારોનો રાફડો તો બન્ને પક્ષોમાં ફાટ્યો છે. તીર નહીં તો તુક્કાની જેમ પાંચમાં પુછાતા બધા જ કાર્યકરો બાયોડેટા તૈયાર કરાવી રહ્યા છે. છેલ્લા એકેક બબ્બે વરસથી જીતના પલાખા ગોખતા સૌ માટે સમય આવી પહોંચ્યો છે. મામાનુ ઘર કેટલે..?! ટીકીટ મળે એટલે..?!

## અનામત બેઠકો બદલાતા કેટલાક વર્તમાન નગરસેવકોના ભાવિ ધૂંધળા બન્યા : ભાજપ અને કોંગ્રેસમાં દાવેદારોનો રાફડો ફાટ્યો

## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




**ઓફિસર્સ તમારી બધાની હોળીની રજા કેન્સલ કરવામાં આવે છે... કારણ માલ્યાજીએ આપણાં મોં પર કાળો કલર ચોપડ્યો છે... એટલે આમ પણ કોઈ રંગ તેના પર નહીં ચડે...!!**

## શહેરના ગ-૨ વિસ્તારમાં પાણીની લાઈનમાં ભંગાણ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના ગ-૨ વિસ્તારમાં પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા પાણી માર્ગો પર ફરી વળ્યું હતું. સવારના સમયે પુરતા પ્રેશરથી પાણી આવતું હોવાથી ગ-૨ સર્કલ પાસે જળબંબાકાર જેવી સ્થિત સર્જાઈ હતી. તાત્કાલીક તંત્રને જાણ થતા રીપેરીંગ માટે કર્મચારીઓ આવી પહોંચ્યા હતા. ગ-૨ વિસ્તારમાં તાજેતરમાં બીજીવાર પાણીની લાઈનમાં લીકેજ થવા પામ્યું છે. પાણી લીકેજને પગલે નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણીના આવતા વસાહતીઓમાં પાણીના પોંકાર ઉઠવા પામ્યા હતા.

ગાંધીનગર શહેરમાં શિયાળામાં પાણીનો ઓછા વપરાશ હોય છે જયારે વસાહતીઓમાં પાણીની બુમ ઉઠવા ના પામે માટે તંત્ર દ્વારા ફુલ ફોર્સથી પાણી આપવામાં આવે છે. જેને પગલે પાણીની લાઈનમાં લીકેજના પ્રશ્નો સામે આવે છે. ગાંધીનગરમાં ગ-૨ વિસ્તારમાં નવા સેકટરોની પાણીની લાઈનમાં મહિનાઓ અગાઉ લીકેજ થવા પામ્યુ હતું. ત્યારે ગ-૨ વિસ્તારમાં જળબંબાકાર જેવી પરિસ્થિતિ ઉભી થવા પામી હતી. તંત્ર દ્વારા લીકેજ તાત્કાલીક બંધ કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ નગરના અન્ય સ્થળો પર પણ લીકેજ સામે આવ્યા હતા જયારે આજે વધુ એકવાર શહેરના ગ-૨ વિસ્તારમાં સેકટર-૩ાીના કોર્નર પર પાણીની લાઈનમાં લીકેજ થયુ હતું. સવારથી પાણી ફોર્સથી આવતુ હોવાથી આખા વિસ્તારના માર્ગો પર પાણી પાણી થઈ ગયું હતું. આજે વિશ્વ જળ દિવસના સમયે જ ભંગાણ સર્જાતા પાણીનો બગાડ જોઈને કેટલાક વસાહતીઓ નારાજ થયા હતા. ભંગાણની જાણ તંત્રના અધિકારીઓને થતા તાત્કાલીક કર્મચારીઓ આવી પહોંચ્યા હતા અને લીકેજ રીપેરીંગની કાર્યવાહી હાથ ધરી હતી. નવા સેકટરોની પાણીની લાઈનમાં લીકેજ



થતા કેટલાક સ્થળો પર પાણી ઓછા ફોર્સથી પાણી મળ્યું હતુ તો કેટલીક જગ્યાએ પાણી ના આવતા વસાહતીઓમાં રોષ જોવા મળ્યો હતો. હોળીનો તહેવાર નજીક છે ત્યારે જ પાણીના કકળાટને લઈ વસાહતીઓ પણ ચિંતિત જણાયા હતા.

## સે-૩ના બગીચામાં શૌચાલય બનશે તો કોંગ્રેસ સમિતિ આંદોલન કરશે

ગાંધીનગર, તા.૨૨

સેકટર-૩ના જાહેર બગીચામાં શૌચાલય બનાવવાની ગતિવિધિઓ સામે શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિએ વિરોધ દાખવ્યો છે. સમિતિ દ્વારા બગીચામાં શૌચાલય બનાવવામાં આવશે તો આંદોલન રાહે લડત આપવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે. સે-૩ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અશ્વીન સુહાને અંગે મહાનગરપાલિકાના કમિશનરને રજૂઆતમાં જણાવ્યા મુજબ સેકટરના બગીચામાં શૌચાલય બનાવવાની વિચારણા હાથ ધરવામાં આવી છે ત્યારે બગીચામાં ગંદગી સહિતની અનેક સમસ્યાઓ ઉભી થાય તેવી સમસ્યાઓ છે. કોર્પોરેશન દ્વારા શૌચાલય બનાવવામાં આવશે તો કોંગ્રેસ સમિતિએ આંદોલન કરવાની ફરજ પડશે તેમ પણ જણાવાયું છે.

## પ્રજાજનોને હોળી ધૂળેટીના પર્વ પર રાજ્યાલશ્રીની શુભકામનાઓ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ હોળી-ધૂળેટીના પવિત્ર પર્વ પર રાજ્યના પ્રજાજનોને હાર્દિક શુભકામનાઓ આપી છે.

રાજ્યપાલશ્રીએ તેમના સંદેશમાં જણાવ્યું છે કે ઉમંગ-ઉત્સાહભેર ઉજવવામાં આવતું રંગોનું આ પાવન પર્વ સામાજિક જીવનમાં પ્રેમ, શાંતિ અને સૌહાર્દ વધુ દઢ બનાવશે.

## માહિતી આયોગનો અહેવાલ રાજ્યપાલશ્રીને સુપરત કરાયો

ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશ્નર શ્રી બલવંતસિંહે આજે રાજભવન ખાતે આયોગનો વર્ગ ૨૦૧૪-૧૫નો અહેવાલ ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીને સુપરત કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત માહિતી આયોગના રાજ્ય માહિતી કમિશ્નર શ્રી વી.એસ. ગઢવી અને સચિવ શ્રી કે.એસ. દિવાન પણ ઉપસ્થિત રહ્યા હતા.




**ટ્રીન... ટ્રીન... ગ્રીન... ગ્રીન... પ્રોજેક્ટને ઉમળકાભર્યો આવકાર**

ગાંધીનગરમાં પ્રારંભ થયેલ સાયકલ શેરિંગ પ્રોજેકટને શરૂઆતથી જ પ્રોત્સાહક આવકાર પ્રાપ્ત થયો છે. સાયકલ સ્ટેન્ડ પર શહેરીજનોએ સાયકલ મેળવવા રીતસર લાઈનો લગાડતા સાયકલો પણ ખૂટી જવા પામી હતી. આમ પણ ગાંધીનગરના નગરજનો સ્વાસ્થ્ય તથા પર્યાવરણ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે આ કારણે શહેરમાં સાયકલ શેરિંગ પ્રોજેકટને હુંફાળો આવકાર પ્રાપ્ત થવો અપેક્ષિત હતો જ. જો આ પ્રકારનો આવકાર સતત રહેશે તો મનપાએ વધુ મોટા સ્ટોકમાં સાયકલોની વ્યવસ્થા કરવી પડશે અને ગાંધીનગરમાં પ્રદુષણ મુકત વાહન વ્યવહારના વિકલ્પથી પર્યાવરણને ફાયદો થશે તથા ટ્રાફિકની સમસ્યા પણ હળવી બનશે. સાથે સાથે નગરજનોનું સ્વાસ્થ્ય સુધરશે તે નફામાં...!!

(તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગર સિવિલમાં ગઠીયાઓ સક્રિય

**બ્લડ અપાવવાના બહાને ગઠીયો ૩૦૦૦ લઈ રફુચક્કર**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગઠીયાઓ સક્રિય થઈ ગયા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ ગઠીયાઓની જાળમાં પોતાના સ્વજનને લઈને આવેલા ગામડાના એક ભલા નાગરીક ફસાઈ જતા રૂ.૩૦૦૦ ખોવાનો વારો આવ્યો છે. ત્યારે સિવિલમાં આવતા દર્દીના સગાઓ તેમજ સ્ટાફે પણ આવા ગઠીયાને ઝડપી પાડવાની જરુર છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો થતા જિલ્લા સહિત આસપાસના જિલ્લામાંથી પણ દર્દીઓ મોટીસંખ્યામાં સારવાર માટે આવે છે. ગાંધીનગર સિવિલ દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. ત્યારે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના એક અંતરીયાળ ગામમાંથી સગર્ભા મહિલાને ગાંધીનગર હોસ્પિટલ ખાતે લવાઈ હતી. જેને ઓપરેશનમાં બ્લડની જરુર પડતા ડોકટરોએ સ્વજનોને જણાવ્યું હતું. જોકે સિવિલમાં બ્લડની સામે બ્લડની વ્યવસ્થા કરવામાં આવે છે. વિજાપુર તાલુકાના હોવાથી ગાંધીનગરમાં કોઈ ઓળખતુ ના હોવાથી સ્વજનો ચિંતિત જણાતા હતા. તેવા સંજોગોમાં એક ગઠીયો આ સ્વજનને મળી ગયો અને શહેરની ખાનગી બ્લડ બેંકમાંથી લાવો બ્લડ લઈ આવુ કહીને રૂ.૩૦૦૦ લઈને ગયો હતો. આ દર્દીના સ્વજનો તો કલાકો સુધી આ ગઠીયાની રાહ જોઈને બેસી રહ્યા કે હમણા રુપીયા આપેલો વ્યકિત બ્લડ લઈને આવશે પણ તેઓની આશા ઠગારી નીકળી. ત્યારબાદ તેઓને જાણ થઈ કે ગઠીયો તેમના રુપીયા લઈને ફરાર થઈ ગયો છે. શહેરની હોસ્પિટલ ૬૦૦ બેડની સુવિધા ધરાવતા દર્દીઓ મોટીસંખ્યામાં શહેરમાં સારવાર માટે આવી રહ્યા છે ત્યારે આ કિસ્સો બહારગામથી આવતા લોકો માટે ચોંકાવનારો સાબિત થશે. જયારે સિવિલ તંત્રના કર્મચારીઓ તેમજ સ્ટાફના માણસોએ પણ તકેદારી રાખી સિવિલ સંકુલમાં જો કોઈ આવા તત્વો દેખાય તો તેઓને ઝડપી પોલીસને હવાલે કરી દેવા જોઈએ. જેથી તેમની ઠગાઈનો કોઈ અન્ય દર્દીકે તેમના સ્વજન ભોગ બને નહી.

## જિલ્લામાં ૬૬ તળાવો ઊંડા કરવા પાછળ ૩૮૪.૮૪ લાખનો ખર્ચ થયો છે

**તળાવ ઊંડા કરવાનું કામ સરકારનું છે; ભરવાનું કામ ભગવાનનું છે : ૮૮૮ હેક્ટરમાં પાણીના તળ ઊંચા આવતાં ખેતીને લાભ થયો છે : વાનાણી**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ૬૬ તળાળ ઊંડા કરવામાં આવ્યા છે તેને કારણે તેમની જળસંચયની ક્ષમતામાં ૭૦ મિલિયન ઘનફૂટનો વધારો થયો છે અને જિલ્લાની ૮૮૮ હેક્ટર વિસ્તારમાં તેનો લાભ થશે તેમ રાજ્યમંત્રી શ્રી વાનાણીએ આજે ભાજપના શ્રી અશોક પટેલના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં તળાવો ઊંડા કરવા અંગે શ્રી અશોક પટેલનો પ્રશ્ન અગ્રતાક્રમમાં ૩જા ક્રમે હોવાથી તે ચર્ચામાં આવ્યો હતો અને વિસ્તૃત ચર્ચા આ પ્રશ્ન પર થઈ હતી.

શ્રી અશોક પટેલના પૂરક પ્રશ્નના ઉત્તરમાં રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગર તાલુકામાં ૧૭ તળાવો ઊંડા કર્યા અને ૨૦ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ વધશે. આનાથી ૩૫૧.૩૬ હેક્ટર વિસ્તારને લાભ થશે. આ પાછળ ૧૦૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. દહેગામ તાલુકામાં ૧૭ તળાવ ઊંડા કર્યા અને ૧૭.૧૦ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ વધવા સાથે ૧૬૭ હેક્ટર વિસ્તારને લાભ થશે. માણસામાં ૧૬ તળાવ ઊંડા કર્યા અને ૧૫.૫૫ મિલિયન ઘનફૂટ પાણીની સંગ્રહશક્તિ વધશે જેનાથી ૧૪૪.૩૩ હેક્ટર વિસ્તારને લાભ થશે. આ માટે રૂ. ૮૦ લાખનો ખર્ચ થયો છે. કલોલ તાલુકામાં ૧૬ તળાવ ઊંડા કર્યા અને ૧૭.૪૫ મિલિયમ ઘનફૂટ પાણીનો સંગ્રહ વધશે જેનાથી ૨૨૪.૯૬ હેક્ટરને લાભ થશે. આ માટે રૂ. ૯૫.૨૯ લાખનો ખર્ચ થયો છે.

આમ જિલ્લાના ૬૬ તળાવ ઊંડા કરવા પાછળ રૂ. ૩૮૪.૯૮ લાખનો ખર્ચ થયો છે અને ૭૦.૧૦ મિલિયન ઘનફૂટ પાણીની સંગ્રહશક્તિમાં વધારો થયો છે.

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે તળાવ ઊંડા કરવાની પ્રક્રિયામાં ભ્રષ્ટાચાર હોવાની વાતો સરકારના ધ્યાને આવી છે કે કેમ તેવા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે આવી કોઈ ફરિયાદ મળી નથી તેમજ સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રીતે કરવામાં આવે છે.

ભાજપના શ્રી અરવિંદ પટેલના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે તળાવો ઊંડા કરવાની કામગીરી ગુજરાત જળ વિકાસ નિગમ લિમિ., જળસંપત્તિ વિભાગ અને જમીન વિકાસ નિગમ દ્વારા કરવામાં આવે છે. આમાં ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે. આઈ. ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની હોય છે.

જળસંપત્તિ વિભાગ હેઠળ તળાવો ઊંડા કરવા કાર્યપાલક ઈજનેરને વિગતો સાથે અરજી કરવાની હોય છે. જમીન વિકાસ નિગમ હેઠળ રૂ. ૩૦ લાખ સુધીના ખર્ચે તળાવો ઊંડા કરવાની મંજૂરી સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવે છે. જળસંપત્તિ વિભાગ હેઠળ તળાવો ઊંડા કરવાની મંજૂરી સરકાર દ્વારા સૈદ્ધાંતિક રીતે સ્વીકાર થયા પછી વહીવટી અને તાંત્રિક મંજૂરી આપવામાં આવતી હોય છે.

કોંગીના શ્રી ગોવાભાઈ રબારીએ અણિયારો સવાલ કરતાં જણાવ્યું હતું કે ૮૮૮ હેક્ટરમાં ફાયદો થયો છે. આ તળાવોમાંથી કેટલી સિંચાઈ થાય છે અને દિવાળી એટલે કે આસો સુદ પૂનમ સુધી કેટલા તળાવોમાં પાણી હતી. જેથી તેના પછીની શિયાળુ સીઝનમાં ખેતી થઈ શકે કે કેમ?

રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે આ બધાજ તળાવો પર્કોલેટ તળાવો હોય છે. તળાવો ઊંડા કરવાનું કામ સરકારનું છે પણ તળાવો ભરવાનું કામ ભગવાનનું છે. જો ભગવાને વરસાદ આપ્યો હોય તો તળાવોમાં પાણી ભરાય અને તે ભરાયેલુ પાણી જમીનમાં ઉતરે અને તે પાણી જમીનમાં ઉતરતાં તળ ઉંચા આવે અને ભૂગર્ભજળના તળ ઉંચા આવતાં ખેડૂતો તેનાથી ખેતી કરે છે. આ જે ૬૬ તળાવો ભરાયા તેમાંથી તળ ઊંચા આવ્યા એટલે ૮૮૮ હેક્ટરને તેનાથી લાભ થાય.

ભાજપના ભૂષણ ભટ્ટે તળાવ ઊંડા કરવાની કામગીરી ક્યારે થાય છે અને પેમેન્ટ કેવી રીતે થાય છે તેમજ તેમાંથી નીકળતી માટીનો શું નિકાલ કરવામાં આવે છે.

રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે દર વર્ષે ચોમાસાને અંતે તળાવનું ખોદકામ શરૂ કરાય છે અને મે માસમાં તે બંધ કરાય છે. આ બધું જ કામ ટેન્ડર પદ્ધતિથી આપવામાં આવે છે. લેવલ આધારિત શરૂઆતના તથા આખરી લેવલને આધારે જથ્થાની ગણતરી કરવામાં આવે છે. ઈજારદારને પેમેન્ટ સીધુ બેંકના ખાતામાં જમા આપવામાં આવે છે. તળાવ ઊંડા કરવામાં નીકળેલી માટીથી તળાવના પાળા મજબુત કરવા માટે તથા ગામમાં જાહેર સ્થાનો પર પૂરાણકામ કરવા માટે ઉપયોગ કરાય છે.



ખેલ મહાકુંભ અંતર્ગત શ્રી પી.પી.આર. શાહ હાઈસ્કૂલ લીંબોદરા ખાતે રોકડ પુરસ્કાર વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ખો-ખો, ચેસ, યોગાસન, કુસ્તી તેમજ જુડો સહિતની સ્પર્ધાઓમાં વિજેતા થનાર શાળાના વિદ્યાર્થીઓને એક લાખ અઠયાવીસ હજાર જેટલી રકમના ઈનામોનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં ગામના અગ્રણી ઉમેદસિંહ વાઘેલા, ડેપ્યુટી સરપંચ વિક્રમસિંહ, તાલુકા પંચાયત ડેલીગેટ અશોકસિંહ, ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના અંતે આચાર્ય તેજસિંહ પરમારે શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતની મહેનતને બિરદાવી હતી.

## આવતીકાલે શહેરમાં ટોમેટીનો ફેસ્ટીવલ તથા રેઈન ડાન્સ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર પાસેના ભાટ ખાતે નારાયણી હાઈટ્સ દ્વારા તા. ૨૪મી માર્ચે ધૂળેટીના દિવસ નિમિત્તે ‘ટોમેટીનો ફેસ્ટ એન્ડ રેઈન ડાન્સ’ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાર્ટીમાં સવારે ૯ કલાકથી સ્પેનના ટોમેટીનો ઉત્સવની જેમજ ધૂળેટી ઉજવવામાં આવશે. જેમાં આશરે દસ હજાર કિલો ટામેટાનો ઉપયોગ કરવામાં આવશે.

ધૂળેટીના દિવસે ટોમેટીનો ફેસ્ટીવલ ઉજવવાનું પ્રારંભ કરનાર નારાયણી હાઈટ્સ જ છે તેવું જણાવતા મેનેજીંગ ડિરેકટરે જણાવ્યું હતું કે અહીં જે લોકો કેમિકલયુક્ત રંગોથી હોળી રમવા નથી માંગતા તેમના માટે ખાસ ઓર્ગેનિક ધૂળેટી રમવાની વ્યવસ્થા કરાઈ છે. ટામેટાથી ધૂળેટી રમ્યા બાદ ફોટો લેવા ખાસ બુથ ઉભા કરાયા છે તથા ડાન્સ માટે ડીજેની વ્યવસ્થા કરાઈ છે.